©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] THURSDAY, 13th NOVEMBER, 2025/KARTIKA 22, 1947 [Issue No. 46

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appointments etc.,	1003-1018	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	**PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	4641-4816
		PART - III Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
NOTIFICATION
MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામુ

નં. મેજી/પોલ-૧/ભયજનક સ્થળો/પ્રતિબંધ/૦૯/૨૦૨૫.-ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૦૫-૦૫-૨૦૨૫ વાળા પત્રની વિગતે તાજેતરમાં રાજયમાં જુદા જુદા જળાશયો (નદી, તળાવ, નહેર, દરીયા)માં ન્હાવા પડેલ વ્યક્તિઓના ડુબી જવાથી મરણ થવાની ઘટનાઓ ધ્યાને આવેલ હોઈ, અત્રેના જીલ્લામાં આવેલ જળાશયો સંદર્ભે જ્યાં જ્યાં આવી ઘટનાઓ બનવાની શકયતા હોય તેવા ભયજનક સ્થળોએ કોઈ પણ વ્યક્તિઓ/પ્રવાસીઓ જળાશયોમાં ન પ્રવેશે તે માટે જરૂરી પ્રતિબંધાત્મક હુકમો બહાર પાડવા સુચના આપવામાં આવેલ છે. જે ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

જેથી હું, આનંદ પટેલ, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, કચ્છ-ભુજ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

(૧) સમગ્ર કચ્છ જિલ્લામાં આવેલ તમામ નદી, નાળા, નહેર, ચેકડેમ તથા તેનો નીચાણ વાળો વિસ્તાર, જળાશયો, કોઝ-વે તથા નાના મોટા ધોધ જેવા પાણીનું ભારે વહેણ ધરાવતાં ભયજનક સ્થળોએ કોઈપણ વ્યક્તિ/પ્રવાસીઓએ ન્હાવા જવા, કપડા ધોવા કે માછલી પકડવા માટે પ્રવેશ કરવો નહીં તેમજ તે માટે મદદગારી કરવી નહી.

(૨) સમગ્ર કચ્છ જિલ્લામાં આવેલ તમામ દરિયા કિનારાએ ભરતીના સમયે તથા ચોમાસાની ઋતુ દરમિયાન ઊંચા મોજાં ઉછળતા હોવાથી કોઈપણ વ્યક્તિ/પ્રવાસીઓએ ન્હાવા જવા દરિયાના પાણીમાં પ્રવેશ કરવો નહી તેમજ દરિયા કિનારે જોખમી રીતે ઉભા રહેવું નહી.

(૩) સમગ્ર કચ્છ જીલ્લામાં આવેલ તમામ કોઝ-વે ઉપર પાણીને ભારે વહેણ ચાલુ હોય ત્યારે કોઈ વ્યક્તિએ જાતે અથવા વાહન સાથે કોઝ-વે ઉપરથી પસાર થવું નહી.

(૪) ઉપરના તમામ ભયજનક સ્થળોએ જોખમી રીતે ઉભા રહી મોબાઈલ/કેમેરમાં ફોટા/સેલ્ફી લેવાં નહી.

: મુક્તિ :

આ હુકમ કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તથા આપત્તિ વ્યવસ્થાપન માટે મુકાયેલ કર્મચારીઓ તથા અધિકારીશ્રીઓને લાગુ પડશે નહી.

: શિક્ષા :

આ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યકિત માટે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાંના ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અન્વયે ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિધ્ધી કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન, તેમજ જિલ્લા પંચાયત હસ્તકની તમામ કચેરીઓ અને ગ્રામ પંચાયતોના નોટીસ બોર્ડ પર તથા મહેસૂલી તમામ કચેરીઓના નોટીસ બોર્ડ પર તથા સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આ જાહેરનામું તા. ૩૦-૦૯-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજરોજ તા. ૦૬-૦૯-૨૦૨૫ ના રોજ મારી સહી કરી તથા કચેરીનો મહોર લગાવી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

કચ્છ-ભુજ, ૦૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

ગુજરાત પોલિસ અધિનિયમ ૧૯૫૧ની કલમ 33ની પેટા કલમ-૧ ખંડ (બી)મુજબનું

જાહેરનામું

ના. મેજી/પોલ-૧/જાહેરનામું-૩૩(૧)/માર્ગ નિયમન/૦૯/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજ તથા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, નખત્રાણાના તા. ૧૧-૦૯-૨૦૨૫ વાળા પત્રની વિગતે આગામી તા. ૧૩-૦૯-૨૦૨૫ થી તા. ૧૫-૦૯-૨૦૨૫ સુધી નખત્રાણા તાલુકાના મોટા યક્ષ ખાતે લોકમેળાનું આયોજન થનાર છે. મેળામાં આવનાર શ્રધ્ધાળુઓ મેળો માણીશકે તથા સરળતાથી ટ્રાફિક નિયમન થઈ શકે તે માટે નખત્રાણાના વિરાણી ફાટકથી દેશલપર (વાંઢાય) સુધીનો રસ્તો તથા મંગવાણા પલીવાડથી યક્ષ ત્રણ રસ્તા બાજુ આવતો રસ્તો તા. ૧૩-૦૯-૨૦૨૫ થી તા. ૧૫-૦૯-૨૦૨૫ સુધી ભારે વાહનો માટે પ્રતિબંધિત કરી, નીચે અનુસૂચિમાં જણાવેલ વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩(૧)(બી) હેઠળનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત રજુ થયેલ છે જે ધ્યાને લેતા ટ્રાફિક વ્યવસ્થા તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણીના હેતુસર નીચે જણાવ્યા મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

જેથી હું આનંદ પટેલ, (આઈ.એ.એસ.) જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ તા. ૧૩-૦૯-૨૦૨૫ થી તા. ૧૫-૦૯-૨૦૨૫ સુધી નખત્રાણાના વિરાણી ફાટકથી દેશલપર (વાંઢાય) સુધીના રસ્તા તથા મંગવાણા પલીવાડથી યક્ષ ત્રણ રસ્તા બાજુ આવતા રસ્તા પરથી ભારે વાહનોની અવર-જવર બંધ કરવા તથા નીચે અનુસૂચિમાં જણાવેલ રસ્તા/માર્ગોનો ઉપયોગ કરવા હુકમ કરૂં છું.

અનુસૂચિ :

(૧) માતાનામઢ બાજુથી આવતા ભારે વાહનો વિરાણી ફાટક-નિરોણા-લોરીયા ચેક પોસ્ટ થઈ ભુજ તરફ જઈ શકશે.

(૨) ભુજ તરફથી આવતા ભારે વાહનો દેશલપર થઈ મંગવાળા-મોથાળા-તેરા ફાટક થઈ ઉખેડા થઈ માતાના મઢ તરફ જઈ શકશે.

(૩) મંગવાણા પલીવાડથી યક્ષ ત્રણ રસ્તા બાજુ આવતો રસ્તો ભારે વાહનો માટે પ્રતિબંધિત કરી મંગવાણાથી ભુજ બાજુ જવા માટે દેશલપર બાજુ તેમજ નલીયા બાજુ જવા માટે મોથાળા-તેરા ફાટકવાળો રૂટ અનુસરવો.

આ જાહેરનામું નીચેના વાહનોને લાગુ પડશે નહી.

૧. સરકારી ફરજ પરના વાહનો / એસ.ટી. બસો

૨. ફાયર ફાઈટર વાહનો

૩. એમ્બ્યુલન્સ વાહન.

આ જાહેરનામાંથી પ્રતિબંધિત થતા વાહનો પૈકીના વાહનને મુકિત આપવા માટેના અધિકારો પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજને રહેશે.

આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરના કર્મચારીઓને રહેશે.

આ જાહેરનામાની બહોળી પ્રસિદ્ધિ પોલિસ ખાતાએ ઉકત મુજબના રસ્તાઓ પરના જાહેર સ્થળોએ તમામ લોકોને વ્યવસ્થિત દેખાય અને વંચાય એ રીતે ડીસ્પ્લે બોર્ડ રાખી કરવાની રહેશે તેમજ જાહેરનામાના ચુસ્ત અમલ માટે સબંધિત રસ્તાઓ પર હાજર રહી ચુસ્ત અમલ કરાવવાનો રહેશે.

આજ રોજ તા. ૧૧-૦૯-૨૦૨૫ ના મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આ જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

કચ્છ-ભુજ, ૧૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

આનંદ પટેલ
જિલ્લા મેજીસ્ટ્રેટ
કચ્છ-ભુજ

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) હેઠળ વંચાણે લીધા :

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. ૫૬/સીબી-૫/ફાયરીંગ/બટ/૮૦૩/૨૦૨૫, તા. ૩૦-૦૯-૨૦૨૫.

જાહેરનામું

નં. નાચી/પલસ/વશી/૯૨૬/૨૦૨૫.-વંચાણે લીધા ક્રમાંક-૧ના પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્રથી અમરેલી જિલ્લાના તમામ પોલીસ અધિકારીશ્રીઓ તથા પોલીસ કર્મચારીઓનું વાર્ષિક સને-૨૦૨૫ની ફાયરીંગ પ્રેકટીસના અનુસંધાને અત્રેના જીલ્લામાં આવેલ વાંકીયા ફાયરીંગ બટ ખાતે તા. ૦૨-૧૦-૨૦૨૫ થી તા. ૧૫-૧૧-૨૦૨૫ સુધી દિન-૪૫ માટે વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ થનાર હોય સદરહું ફાયરીંગ બટ તથા આજુ બાજુનાં ૧૦૦ મીટરં વિસ્તારમાં ફાયરીંગ પ્રેકટીસના સમયગાળા દરમ્યાન તકેદારીના ભાગરૂપે જી.પી. એકટ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ, ઉકત વિગતો યોગ્ય હોવાની મને ખાત્રી થયેલ છે અને સવાલવાળા સ્થળની આજુબાજુ અવર-જવર કરનારાઓને કોઈ નુકસાન ન થાય તે હેતુથી જાહેરનામું બહાર પાડવું જરૂરી હોવાની મને ખાત્રી થયેલ છે, જેથી હું દિલિપસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, જિલ્લો અમરેલી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છુ કે, તા. ૦૨-૧૦-૨૦૨૫ થી તા. ૧૫-૧૧-૨૦૨૫ (બંને દિવસો સહિત) સુધીના સમયગાળા દરમિયાન મોજે બાબરા તાલુકાનાં વાંકીયા ગામના સરકારી પડતર રે.સ.નં. ૬૦૧, હે.૩-૮૮-૬૩ ચો.મી.વાળી જમીન કે જે અત્રેનાં હુકમ નં. ચિ/જમન/૧/વશી/૯૭૪૪/૨૦૨૧, તા. ૦૬-૧૨-૨૦૨૧થી ફાયરીંગ બટ માટે મુકરર થયેલ છે તેને તાર ફેન્સીંગ કરી તેની બાહ્ય સીમા નકકી કરાયેલ છે તેની ચારે તરફની બાહ્ય સીમાથી ૧૦૦ મીટરના અંતર સુધી તમામ રાહદારીઓને અવર જવર કરવા પ્રવેશબંધી ફરમાવું છું.

આ હુકમ ફરજ પરનાં સરકારી કર્મચારીઓ/અધિકારીઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામું તા. ૦૨-૧૦-૨૦૨૫ થી તા. ૧૫-૧૧-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

તમામ નાગરીકોને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શકય ન હોઈ આથી એક તરફી હુકમ ફરમાવવામાં આવે છે. જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી, નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી પ્રસિધ્ધ કરાવવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરાવવાની રહેશે.

આજ તા. ૦૧ ઓકટોબર સને-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૦૧ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

દિલિપસિંહ ગોહિલ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
અમરેલી.

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-૧ મુજબનું

જાહેરનામું

નં. મેજી/પોલ-૧/જાહેરનામું/૩૩(૧)(બી)/૦૯/૨૦૨૫.-આગામી તા. ૨૨-૦૯-૨૦૨૫ થી તા. ૦૧-૧૦-૨૦૨૫ સુધી આસો નવરાત્રિ પર્વ તેમજ તા. ૦૨-૧૦-૨૦૨૫ ના રોજ દશેરા તહેવારની ઉજવણી થનાર છે. આ પર્વ દરમ્યાન જિલ્લાનાં તથા જિલ્લા બહારથી શ્રદ્ધાળુઓ પગે ચાલીને માતાના મઢ ખાતે દર્શનાર્થે જાય છે. આ પદયાત્રિઓ ભુજ થી દેશલપર, નખત્રાણા, મથલ, રવાપર થઈ માતાના મઢ જાય છે અને હજારોની સંખ્યામાં પદયાત્રિઓ માટે નાની નાની રીક્ષાઓ, ટેક્ષીઓ, મેટાડોર જેવા વાહનો પણ સેવા માટે આ રસ્તા પરથી સતત અવર-જવર કરતા હોય છે. આ સમય દરમ્યાન માતાના મઢ મધ્યે મોટો મેળો યોજાતો હોઈ મોટી સંખ્યામાં એસ.ટી. ની બસો પણ અવર જવર કરે છે. આ ઉપરાંત રસ્તા પરથી લિગ્નાઈટની ટ્રકો જેવા ભારે વાહનો અવર-જવર કરતા હોઈ પદયાત્રિઓના માર્ગમાં અવર જવરમાં કોઈ ખલેલ કે અડચણ કે મુશ્કેલીઓ ઉભી ન થાય અને કોઈ ગંભીર અકસ્માત ન બને તે આશયથી અને માર્ગમાં ટ્રાફિક નિયંત્રણ જળવાઈ રહે તે માટે ભારે વાહનોનું ટ્રાફિક નિયમન કરવા બાબતે પોલીસ અધિક્ષકશ્રી પશ્ચિમ કચ્છ-ભુજ તરફથી દરખાસ્ત રજુ થયેલ છે જેથી નીચે જણાવ્યા મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

જેથી હું ડી. પી. ચૌહાણ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૧૯-૦૯-૨૦૨૫ ના વહેલી સવારના ૬-૦૦ કલાકથી તા. ૦૨-૧૦-૨૦૨૫ના મોડી રાત્રીના ૨૪-૦૦ કલાક સુધી નીચે અનુસુચિમાં દર્શાવ્યા મુજબ માતાનાં મઢનો રસ્તો સદરહુ તારીખો દરમ્યાન વાહનોની અવર જવર પર ટ્રાફિક નિયંત્રણ કરવાનું ફરમાવું છું.

આ હુકમની અંદર વાહન શબ્દનો અર્થ મોટર વ્હીકલ એકટમાં વાહનોની જે વ્યાખ્યા આપી છે તેનો સમાવેશ થાય છે.

અનુસૂચિ :

(૧) સાંધી, જેપી તથા અલ્ટ્રાટેક સીમેન્ટ કંપની તરફથી ભરેલ ગાડીઓ (ભારે/અતિભારે) ભુજ તરફ આવવા-જવા માટે. :-

સાંધી, જેપી તથા અલ્ટ્રાટેક સીમેન્ટ કંપનીમાંથી આવતી ભરેલ ગાડી (ભારે/અતિભારે વાહનો)નો રૂટ સાંધી, અલ્ટ્રાટેકથી નલીયા, મોથાળા, દેશલપર, સુખપરથી હિલગાર્ડન એરપોર્ટ રોડ, માધાપર ઉપર થઈને જઈ શકશે.

ભુજથી સાંધી, જેપી તથા અલ્ટ્રાટેક સીમેન્ટ કંપની તરફથી જતી ખાલી ગાડી (ભારે/અતિભારે) નો રૂટ. :-

નળ સર્કલ ભુજથી એરપોર્ટ બાયપાસ પ્રિન્સ રેસીડેન્સી મિરઝાપર, દહીંસરા, લુડવા, ગઢશીશા ચાર રસ્તાથી મોથાળા નલીયાથી વાયોર જઈ ઉપર થઈને જઈ શકશે.

(૨) લીફરી લિગ્નાઈટ ખાણ માટે. :-

લીફરી ખાણ મેઈન ગેટથી બન્ને તરફ એક કી.મી. સુધીના વિસ્તારને ''નો પાર્કીંગ ઝોન'' જાહેર કરવામાં આવે છે ત્યાં કોઈ વાહનો પાર્ક કરવાના રહેશે નહી.

(૩) લિગ્નાઈટ ખાણ માટે. :-

લીફરી લિગ્નાઈટ ભરેલ અને ખાલી ગાડી (ભારે/અતિભારે) માટે.:-

લીફરી લિગ્નાઈટ ખાણ તરફ જતા ખાલી વાહનો (ભારે/અતિભારે) ભુજ થી લોરીયા થઈને નિરોણા થઈને નખત્રાણા તરફથી લીગ્નાઈટ ખાણમાં જતા વાહનોને ટોડીયા ફાટકથી અંદર લક્ષ્મીપર, નેત્રા, રવાપર રસ્તાથી લીફરી ખાણ તરફ જશે. તથા લિગ્નાઈટ ભરેલા વાહનો લીફરી, રવાપર ચાર રસ્તા, ઉગેડી, નખત્રાણા, દેશલપર, મિરજાપર, હિલ ગાર્ડન બાયપાસ થઈને નળવાળા સર્કલ થઈને જઈ શકશે. આ વાહન વ્યવહાર સવારનાં કલાક ૧૦-૦૦ થી સાંજના કલાક ૧૮-૦૦ સુધીનાં સમય દરમ્યાન લીગ્નાઈટ ખાણ સુધી અવર જવર કરી શકશે તેમજ સાંજના કલાક ૧૮-૦૦ થી સવારનાં કલાક ૧૦-૦૦ સુધી અવર જવર બંધ રહેશે.

ઉમરસર લિગ્નાઈટ ભરેલ અને ખાલી ગાડી (ભારે/અતિભારે) માટે :-

ભુજ થી લોરીયા થઈને નિરોણા થઈને નખત્રાણા તરફથી ઉમરસર લિગ્નાઈટ ખાણમાં જતી ખાલી ગાડીઓને રવાપર ચાર રસ્તાથી ઘડાણી, વાલ્કા મોટા, પાનેલી, દયાપર થઈ લિગ્નાઈટ ખાણ ઉમરસર જઈ શકશે તેમજ ઉમરસર ખાણમાંથી ભરેલ ગાડીઓ દયાપર પાનેલી વાલ્કા મોટા, ઘડાણી, રવાપર ચાર રસ્તા, ઉગેડી, નખત્રાણા, દેશલપર, મિરજાપર, હિલ ગાર્ડન બાયપાસ થઈને નળવાળા સર્કલ થઈને જઈ શકશે. આ વાહન વ્યવહાર સવારના કલાક ૧૦-૦૦ થી સાંજના કલાક ૧૮-૦૦ સુધીના સમયગાળા દરમ્યાન લિગ્નાઈટ ખાણ સુધી અવરજવર કરી શકશે તેમજ સાંજના કલાક ૧૮-૦૦ થી સવારના કલાક ૧૦-૦૦ સુધી અવર જવર બંધ રહેશે.

(૪) લીફરી થી એ.ટી.પી.એસ. નાની છેર જતા (ભારે/અતિભારે) વાહનો માટે. :-

લીફરી ખાણ થી લિગ્નાઈટ ભરી નાની છેર એ.ટી.પી.એસ. જતા વાહનો લીફરીથી રવાપર, ઘડાણી, પાનેલી, દયાપર, ઉમરસર થઈને એ.ટી.પી.એસ. જઈ શકશે.

(૫) નખત્રાણાથી પાન્ધ્રો તરફ જતા (ભારે/અતિભારે) વાહનો માટે. :-

ભારે/અતિભારે વાહનો નખત્રાણા, ટોડીયા ફાટક, ટોડીયા, નેત્રા, રવાપર, ઘડાણી, પાનેલી, નારાયણ સરોવર વાળા હાઈ-વે માર્ગ ઉપરથી પસાર થશે જ્યારે આજ રૂટ ઉપરથી પાન્ધ્રો થી નખત્રાણા તરફ જઈ શકશે.

(૬) માતાના મઢ-નખત્રાણા-ભુજ તરફ જતા ભારે/અતિભારે સિવાયના તમામ વાહનો માટે. :-

ભારે/અતિભારે સિવાયના તમામ વાહનો, એસ.ટી. બસો તથા પ્રવાસી બસો નખત્રાણા, મથલ, રવાપર, માતાના મઢ વાળા હાઈ-વે માર્ગ ઉપરથી પસાર થશે. જયારે આજ રૂટ ઉપર થઈને ભુજ, નખત્રાણા, માતાના મઢ તરફ જઈ શકશે.

આ જાહેરનામાનાં સમયગાળા દરમ્યાન ભુજ-નખત્રાણા-માતાના મઢ સુધીના (અવર-જવર) સમગ્ર રોડ ઉપર પરિવહન કરતા નાના વાહનોની સ્પીડ લીમીટ મહત્તમ ૫૦ કિ.મી./કલાકની રહેશે.

ઉપરોકત જાહેરનામામાંથી નીચે જણાવેલ વાહનોને મુકિત આપવામાં આવે છે.

- પોલિસ ખાતાના ફરજ પરનાં ભારે વાહનો.
- પોલિસ અધિક્ષકશ્રીના આદેશ અનુસાર કે સ્થળ પરના સક્ષમ અધિકારી દ્વારા અધિકૃત કરેલ વાહનો.

આજ રોજ તા. ૧૫-૦૯-૨૦૨૫ ના મારી સહી તથા કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

ભુજ-કચ્છ, ૧૫ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ ની પેટા કલમ-૧ મુજબનું

જાહેરનામું

નં. મેજી/નવરાત્રી/૩૭(૧)/જાહેરનામું/૨૦૨૫.-આગામી તા. ૨૨-૦૯-૨૦૨૫ થી તા. ૦૧-૧૦-૨૦૨૫ સુધી આસો નવરાત્રી પર્વ તેમજ તા. ૦૨-૧૦-૨૦૨૫ ના રોજ દશેરા તહેવારની ઉજવણી થનાર છે. કચ્છ જિલ્લાના દયાપર પોલિસ સ્ટેશન વિસ્તારમાં આવતાં માતાનામઢ ખાતે આવેલ ''આશાપુરા માતાજી'' ના મંદિરે નવરાત્રી દરમ્યાન દર વર્ષે મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ ભાગ લેવા તથા દર્શનાર્થે આવે છે. જેના કારણે આ મંદિરમાં ખુબ જ ભીડ થાય છે. વર્તમાન સમયમાં અગત્યનાં મંદિરોની સુરક્ષા નજરે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ જાહેર સુલેહ-શાંતિ જળવાઈ રહે તે હેતુથી આ મંદિર સુકુંલમાં નીચે મજબની વસ્તુઓ લઈ જવાની મનાઈ ફરમાવવા બાબતે પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ-ભુજની કચેરી તરફથી તા. ૧૫-૦૯-૨૦૨૫ વાળી દરખાસ્ત રજુ થયેલ છે જેથી નીચે જણાવ્યા મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

આથી હું ડી. પી. ચૌહાણ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૧૯-૦૯-૨૦૨૫ના વહેલી સવારના ૬-૦૦ કલાકથી તા. ૦૨-૧૦-૨૦૨૫ ના રાત્રિના ૨૪-૦૦ કલાક સુધી માતાનામઢ ખાતે આવેલ ''આશાપુરા માતાજી''ના મંદિરના સંકુલમાં નીચે જણાવેલ વસ્તુઓ લઈ જવાનું મનાઈ ફરમાવું છું.

મોબાઇલ, કેમેરા, શંકાસ્પદ વસ્તુઓ, શ્રીફળ.

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

- સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ કે જેને તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ વસ્તુ લઈ જવાની ફરજ હોય.
- અધિકૃત કરેલ કોઈપણ પોલિસ અધિકારીએ જેને અધિકૃત કરેલ હોય અને તે લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.
- જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રી અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિ.

અનુસૂચિ : ''માતાના મઢ ખાતે આવેલ આશાપુરા માતાજી'' ના મંદિર સંકુલમાં.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામા ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષ કેદની સજા થશે. આ ઉપરાંત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની સજા થશે. આ જાહેરનામા હેઠળ તપાસ કરવાના, જાહેરનામાના પાલન કરાવવાના અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરના કર્મચારીઓને રહેશે.

આ જાહેરનામાની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામાની નકલો મુખ્ય મથકોએ ચોંટાડીને કરવી.

આજરોજ તા. ૧૫-૦૯-૨૦૨૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૧૫ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની
કલમ-૩૩ની પેટા કલમ-૧ મુજબનું

જાહેરનામું

નં. મેજી/પોલ-૧/જાહેરનામું/૩૩(૧)/૦૯/૨૦૨૫.-આગામી તા. ૨૨-૦૯-૨૦૨૫ થી તા. ૦૧-૧૦-૨૦૨૫ સુધી આસો નવરાત્રી પર્વ તેમજ તા. ૦૨-૧૦-૨૦૨૫ ના રોજ દશેરા તહેવારની ઉજવણી થનાર છે. આ તહેવારો દરમિયાન જિલ્લાના તથા જિલ્લા બહારથી શ્રધ્ધાળુઓ પગે ચાલીને માતાનામઢ ખાતે દર્શનાર્થે જાય છે આ પદયાત્રિઓ ભુજ થી દેશલપર, નખત્રાણા, મથલ, રવાપર, થઈ માતાનામઢ જાય છે. અને હજારોની સંખ્યામાં પદયાત્રીઓ માટે નાની રીક્ષાઓ, ટેક્ષીઓ, મેટાડોર જેવા વાહનો પણ સેવા માટે રસ્તા પરથી સતત અવર જવર કરતા હોય છે. આ પદયાત્રીઓ માટે સેવાભાવી સંસ્થાઓ દ્વારા જીલ્લામાં સામખીયારીથી માતાનામઢ સુધી સેવા માટેના કેમ્પો રોડની બન્ને બાજુએ નાખવામાં આવે છે. પદયાત્રીઓના માર્ગમાં કોઈ અડચણ કે મુશ્કેલીઓ ઉભી ન થાય તે આશયથી અને માર્ગમાં ટ્રાફીક નિયંત્રણ જળવાય રહે તે માટે ટ્રાફીક નિયમન બાબતે જરૂરી આદેશ ફરમાવવા બાબતે પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજ તરફથી તા. ૧૫-૦૯-૨૦૨૫ વાળી દરખાસ્ત રજુ થયેલ છે જેથી નીચે જણાવ્યા મુજબનો આદેશ કરવો જણાય છે.

આથી હું ડી. પી. ચૌહાણ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવુ છુ કે, તા. ૧૬-૦૯-૨૦૨૫ થી તા. ૨૧-૦૯-૨૦૨૫ સુધી અનુસુચિમાં જણાવેલ વિગતોનો અમલ કરવા માટે ફરમાવુ છું.

અનુસૂચિ :

સામખીયાળી થી માતાનામઢ સુધી પદયાત્રીઓ માટે જિલ્લા તથા જિલ્લા બહારની જે સંસ્થાઓ તરફથી રસ્તાની સાઈડમાં કેમ્પ રાખવામાં આવે છે તેઓએ નીચેની વિગતો કેમ્પના સ્થળે રાખવાની રહેશે તેમજ સંબંધિત નજીકના પોલીસ સ્ટેશને તેની જાણ કરવાની રહેશે.

- સેવાભાવી સંસ્થાનું નામ, સરનામું, ટેલીફોન નંબર/મોબાઈલ નંબર.
- કેમ્પનું સંભવિત સ્થળ.
- કેમ્પના મુખ્ય સંચાલકો/આયોજકના નામ, સરનામા, ટેલીફોન નંબર/ મોબાઈલ નંબર.
- કેમ્પમાં સેવા આપનાર સ્વયં સેવકોના નામ, સરનામા, ટેલીફોન નંબર/મોબાઈલ નંબર.
- કેમ્પમાં કોઈ ચીજ વસ્તુ/ખાદ્ય પદાર્થ વિતરણ કરવાના છે કે કેમ ? જો હા તો તેની સંપૂર્ણ વિગત.
- કેમ્પ કેટલા દિવસ માટે લગાડવાનો છે તેની વિગત.
- જે જગ્યાએ કેમ્પ લગાડવાના હોય તે જગ્યાએ રીફલેકટર/લાઈટ લગાડવાની વ્યવસ્થા રાખવી.
- કેમ્પ આયોજકોએ સફાઈ માટે સ્વીપરની વ્યવસ્થા કચરા પેટી માટેની જરૂરી વ્યવસ્થા કરવી.
- યાત્રાળુઓ માટે શુદ્ધ પીવા માટે પાણી મળી રહે તેની વ્યવસ્થા કરવાની રહેશે.
- રસ્તા પર વધારાના સ્પીડબ્રેકર કે બમ્પ બનાવવાના નહીં.
- લાઉડ સ્પીકર વગાડવા માટે સક્ષમ અધિકારીની પરવાનગી મેળવવાની રહેશે.
- પ્લાસ્ટીકના પાઉચ તથા થેલીનો ઉપયોગ કરવાનો રહેશે નહીં.
- કેમ્પના સંચાલકોએ જમીન માલિકોની પરવાનગી મેળવી મંડપ વગેરે બાંધવાના રહેશે.
- કેમ્પના સંચાલકોએ જાહેર રસ્તા કે મુખ્ય માર્ગ પર કોઈ અવરોધ ઉભા કરવાના રહેશે નહીં.
- સેવા કેમ્પ પસાર થતાં માર્ગથી અંદરના ભાગે વાહન વ્યવહારને તેમજ રાહદારીઓ/પદયાત્રીઓને અડચણરૂપ ન થાય તે રીતે બાંધવાનું રહેશે.

આ હુકમના કોઈપણ ખંડ કે ભાગનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામા હેઠળ તપાસ કરવાના, જાહેરનામાના પાલન કરાવવાના અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરના કર્મચારીઓને રહેશે.

આ જાહેરનામાની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવી તેમજ જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી વાંચી શકાય તેવી જગ્યાએ ચોંટાડીને કરવી.

આજરોજ તા. ૧૫-૦૯-૨૦૨૫ ના મારી સહી તથા કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૧૫ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-૧ મુજબનું

જાહેરનામું

નં. મેજી/પોલ-૧/નવરાત્રી/જાહેરનામું/૦૯/૨૦૨૫.-આગામી તા. ૨૨-૦૯-૨૦૨૫ થી તા. ૦૧-૧૦-૨૦૨૫ સુધી આસો નવરાત્રી પર્વ તેમજ તા. ૦૨-૧૦-૨૦૨૫ ના રોજ દશેરા તહેવારની ઉજવણી થનાર છે. આ તહેવારો દરમ્યાન શહેરી વિસ્તારોમાં જિલ્લા બહારથી, રાજ્ય બહારથી જાણિતા ઓરકેસ્ટ્રા ગૃપોને બોલાવી એન્ટ્રી પાસ રાખી અથવા આમંત્રણ પત્ર છપાવી અને કોમર્શીયલ પ્રકારના સ્પર્ધાત્મક રાસ-ગરબાના કાર્યક્રમોનું મોટા પાયે આયોજન થતું હોય છે. જેથી આવા મોટા પાયે કોમર્શીયલ અને સાર્વજનિક રીતે યોજવામાં આવતા દાંડીયા રાસ, ગરબા, મ્યુઝીકલ નાઈટ્સના કાર્યક્રમ યોજતી સંસ્થાઓએ હાલની સલામત પરિસ્થિતીની દ્રષ્ટિએ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તથા એકત્રીત માનવ મેદની વગેરે બાબતે ચોકસાઈ અને તકેદારી રાખી શકાય તે માટે અનુસૂચિમાં જણાવેલ બાબતોનો કોમર્શીયલ રીતે સ્પર્ધાત્મક ગરબાઓના ટીકીટ કે એન્ટ્રી પાસ સિસ્ટમથી યોજતી સંસ્થા/વ્યક્તિઓને અમલ ફરમાવવા બાબતે પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજ તરફથી તા. ૧૫-૦૯-૨૦૨૫ વાળી દરખાસ્ત રજુ થયેલ છે જેથી નીચે જણાવ્યા મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

આથી હું ડી. પી. ચૌહાણ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૨૨-૦૯-૨૦૨૫ થી તા. ૦૨-૧૦-૨૦૨૪ સુધી અનુસૂચિમાં જણાવેલ વિગતોનો અમલ કરવા માટે ફરમાવું છું.

અનુસૂચિ :

(૧) તમામ પ્રકારના ગરબાઓ મોડામાં મોડા રાત્રીના ૧૨-૦૦ વાગ્યા સુધી જ ચાલુ રાખી શકાશે.

(૨) દરેક સંસ્થા/વ્યક્તિએ સ્થળ અંગેનું પરફોર્મન્સ પ્રિમાઈસીસ લાયસન્સ સંબંધિત સબ ડીવીજનલ મેજીસ્ટ્રેટશ્રી પાસેથી નિયમાનુંસાર મેળવી સ્થાનિકે રાખવાનું રહેશે.

(૩) સંબંધીત મામલતદારશ્રી અને એક્ઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી પાસેથી લાઉડ સ્પીકર વગાડવાની નિયમાનુંસારની મંજુરી મેળવી લેવાની રહેશે.

(૪) ઈલેકટ્રીક અંગેના કનેકશનો સંબંધીત ઓથોરીટી પાસેથી મેળવી લેવાના રહેશે.

(૫) ફાયર સેફટીની સાધનો કાર્યક્રમ સ્થળે રાખવાના રહેશે.

(૬) દરેક એન્ટ્રી પોઈન્ટ ઉપર ડોરફ્રેમ મેટલ ડીરેકટર રાખવાના રહેશે.

(૭) દરેક એન્ટ્રી પોઈન્ટ ઉપર તથા પાર્કિંગની જગ્યાએ સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવાના રહેશે.

(૮) કાર્યક્રમમાં અવર જવરનું રેકોર્ડીંગ (વિડિયોગ્રાફી) કરવાનું રહેશે અને કરેલ રેકોર્ડીંગની સીડી પોલીસ કંટ્રોલરૂમને આપવાની રહેશે.

(૯) પાર્કિંગ માટે પુરતી વ્યવસ્થા રાખવાની રહેશે.

(૧૦) સિક્યુરીટીના માણસો સલામતી માટે રાખવાના રહેશે.

(૧૧) ગરબીના આયોજકોએ તેમની સંસ્થા/મંડળનું નામ, ગરીબનું સ્થળ, આયોજકનું નામ-મોબાઈલ નંબર તથા અન્ય કાર્યકરોની સંપુર્ણ વિગતો સંબંધિત વિસ્તારના પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

આ હુકમના કોઈપણ ખંડ કે ભાગનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામા હેઠળ તપાસ કરવાના, જાહેરનામાના પાલન કરાવવાના અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરના કર્મચારીઓને રહેશે.

આજરોજ તા. ૧૫-૦૯-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૧૫ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) મુજબનું

જાહેરનામું

નાં. મેજી/પોલ-૧/જાહેરનામું/૩૭(૧)/૦૯/૨૦૨૫.-કચ્છ જિલ્લામાં યોજાનાર ધાર્મિક તહેવારો/મેળાઓ તથા ઉત્સવોની ઉજવણી નજરે જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ સુલેહ શાંતી જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાય છે.

આથી હું ડી. પી. ચૌહાણ, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૧૬-૦૯-૨૦૨૫ થી તા. ૩૦-૦૯-૨૦૨૫ સુધી બન્ને દિવસો સહિત નીચેની અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદુક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવું નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહીં.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહીં.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહીં.

(છ) લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા નહીં.

(જ) જો છટાદાર ભાષણ આપનાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવા અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજા કોઈ વ્યક્તિઓને.

અનુસૂચિ : ''સમગ્ર કચ્છ જિલ્લાનો વિસ્તાર''

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે. આ જાહેરનામાની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામાની નકલો મુખ્ય મથકોએ ચોંટાડીને કરવી.

આજરોજ તા. ૧૫-૦૯-૨૦૨૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૧૫ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

ડી. પી. ચૌહાણ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
કચ્છ-ભુજ

ORDER

(Under Section 163 of Bharatiya Nagarik Suraksha Sanhita 2023)

Blue Flag No Campaign & Dumping Zone (Shivrajpur Beach)

No. DBD/0908/09/2025.-WHEREAS, it is hereby informed to Public in general that Shivrajpur Beach, Devbhumi Dwarka has been nominated for Blue Flag certification (an International accreditation for safe and clean beach).

AND WHEREAS, it is further informed that an area covering 5 Kilometre length area from the designated Beach area at Shivrajpur has been identified as "No Compaign & Dumping Zone" (area besides the light house (Survey no. 58) to the end of Bay-2 point of the Shivrajpur Beach and up to 300 metre towards landwards from the HTL. A "No Compaign & Dumping Zone" is the place where tourists/visitors/local Citizens/Vendors/Campaigner are strictly restricted to use the areas for Campaigning or Dumping within the 5 square kilometre areas of the designated Beach.

Now, there, in exercise of the powers conferred upon me by section 163 of Bharatiya Nagarik Suraksha Sanhita 2023 I, Bhupesh Jotania, (GAS), Additional District Magistrate, Devbhumi Dwarka, do hereby make this written order for strict compliance by the general public, including the citizens of Shivrajpur and visitors that;

"Public is hereby adivsed to restrict Campaigning and Dumping within the areas besides the light house (Survey no. 58) to the end of Bay-2 point of the Shivrajpur Beach, length of 5 Kilometre and up to 300 metre towards landward from the HTL from the designated beach. No other activities which lead to promote Campaigning and Dumping of any kind of materials can be undertaken in this designated area".

This order shall come into force with immediate effect from 27-09-2025 up to 25-11-2025 and shall be effective for a period of 60 Days or unless withdrawn earlier.

Any person contravening this order shall be punishable under 223 of the Bharatiya Nyaya Sanhita 2023.

As the notice cannot be served individually on all concerned, the order is hereby passed ex-parte. It shall be published for the information of the public through Press and by affixing copies on the notice boards of all the offices at Shivrajpur, including every public place concerned and the concerned offices of the Municipalities Council and District Panchayat of Devbhumi Dwarka.

The Gujarat Ecology Commission shall display prominently at above mentioned places in the form of bilingual sign boards mentioning that Campaigning and Dumping within the areas besides the light house (Survey no. 58) to the end of Bay-2 point of the Shivrajpur Beach, length of 5 Kilometre and up to 300 metre towards landward from the HTL from the designated beach at Shivrajpur beach, Devbhumi Dwarka is completely restricted and the areas is hereby declared as "No Campaigning & Dumping Zone".

According to this order, the Head Constable and their above rank police officers who are on duty in Devbhumi Dwarka district are authorized to file a complaint under Section 223 of the Bharatiya Nyaya Sanhita 2023 against the Contravention of this declaration.

Devbhumi Dwarka, 26th September, 2025.

ORDER

(Under Section 163 of Bharatiya Nagarik Suraksha Sanhita 2023)

Blue Flag No Plastic Zone (Shivrajpur Beach)

No. DBD/0907/09/2025.-WHEREAS, it is hereby informed to Public in general that Shivrajpur Beach, Devbhumi Dwarka has been nominated for Blue Flag certification (an International accreditation for safe and clean beach).

AND WHEREAS, it is further informed that an area covering 5 Kilometre length area from the designated Beach area at Shivrajpur has been identified as "No Plastic Zone" (area besides the light house (Survey no. 58) to the end of Bay-2 point of the Shivrajpur Beach). A "No Plastic Zone" is the place where tourists or visitors are Strictly restricted to use Plastic within the 5 kilometre areas of the designated Beach and vendors are completely restricted to sale plastic within this zone.

Now, there, in exercise of the powers conferred upon me by section 163 of Bharatiya Nagarik Suraksha Sanhita 2023 I, Bhupesh Jotania, (GAS), Additional District Magistrate, Devbhumi Dwarka, do hereby make this written order for strict compliance by the general public, including the citizens of Shivrajpur and visitors that;

"Public is hereby adivsed to restrict plastic use and saling of plastic items within the area besides light house (Survey no. 58) to the end of Bay-2 point of the Shivrajpur Beach, length of 5 Kilometre and up to 300 metre towards landward from the HTL from the designated beach. No other activities which lead to increasing of plastic waste/plastic pullution can be undertaken in this designated area".

This order shall come into force with immediate effect from 27-09-2025 up to 25-11-2025 and shall be effective for a period of 60 Days or unless withdrawn earlier.

Any person contravening this order shall be punishable under section 223 of the Bharatiya Nyaya Sanhita 2023.

As the notice cannot be served individually on all concerned, the order is hereby passed ex-parte. It shall be published for the information of the public through Press and by affixing copies on the notice boards of all the offices at Shivrajpur, including every public place concerned and the concerned offices of the Municipalities and District Panchayat of Devbhumi Dwarka.

The Gujarat Ecology Commission shall display prominently at above mentioned places in the form of bilingual sign boards mentioning that Using and saling of Plastic items within the areas besides the light house (Survey no. 58) to the end of Bay-2 point of the Shivrajpur Beach, length of 5 Kilometre and up to 300 metre towards landward from the HTL from the designated beach at Shivrajpur beach, Devbhumi Dwarka is completely restricted and the areas is hereby declared as "No Plastic Zone".

According to this order, the Head Constable and their above rank police officers who are on duty in Devbhumi Dwarka district are authorized to file a complaint under section 223 of the Bharatiya Nyaya Sahita 2023 against the Contravention of this declaration.

Devbhumi Dwarka, 26th September, 2025.

ORDER

(Under Section 163 of Bharatiya Nagarik Suraksha Sanhita 2023)

Blue Flag No Transport Zone

(Shivrajpur Beach)

No. DBD/0909/09/2025.-WHEREAS, it is hereby informed to Public in general that Shivrajpur Beach, Devbhumi Dwarka has been nominated for Blue Flag certification (an International accreditation for safe and clean beach).

AND WHEREAS, it is further informed that an area covering 5 Kilometre area and up to 300 metre towards landward from the HTL from the designated Beach area at Shivrajpur has been identified as "No Transport Zone" (area nearby the light house (Survey no. 58) to the end of Bay-2 point of the Shivrajpur Beach and up to 300 metre towards landward from the HTL). A "No Transport Zone" is the place where tourists or visitors are strictly restricted to use public or personal or private vehicle transportation within the 5 Square Kilometre areas and up to 300 metre towards landward from the HTL of the designated Beach.

Now, there, in exercise of the powers conferred upon me by section 163 of Bharatiya Nagarik Suraksha Sanhita 2023 I, Bhupesh Jotania, (GAS), Additional District Magistrate, Devbhumi Dwarka, do hereby make this written order for strict compliance by the general public, including the citizens of Shivrajpur and visitors that;

''Public is hereby adivsed to restrict to use or drive any public or personal or private vehicles within the area besides the light house (Surve no. 58) to the end of Bay-2 point of the Sivrajpur Beach, length of 5 Kilometre and up to 300 metre towards landward from the HTL from the designated beach. No other activities which concerned with the driving of any motor vechicles can be undertaken in this designated area''.

This order shall come into force with immediate effect from 27-09-2025 up to 25-11-2025 and shall be effective for a period of 60 Days or unless withdrawn earlier.

Any person contravening this order shall be punishable under section 223 of the Bharatiya Nyaya Sanhita 2023.

As the notice cannot be served individually on all concerned, the order is hereby passed ex-parte. It shall be published for the information of the public through Press and by affixing copies on the notice boards of all the offices at Shivrajpur, including every public place concerned and the concerned offices of the Municipalities and District Panchayat of Devbhumi Dwarka.

The Gujarat Ecology Commission shall display prominently at above mentioned places in the form of bilinbual sign boards mentioning that Using or driving any public or personal or private vehicles within the area besides the light house (Survey no. 58) to the end of Bay-2 point of the Shivrajpur Beach, length of 5 Kilometre and up to 300 metre towards landward from the HTL from the designated beach at Shivrajpur beach, Devbhumi Dwarka is completely restricted and the areas is hereby declared as ''No Transport Zone''.

According to this order, the Head Constable and their above rank police officers who are on duty in Devbhumi Dwarka district are authorized to file a complaint under Section 223 of the Bharatiya Nyaya Sanhita 2023 against the Contravention of this declaration.

Devbhumi Dwarka, 26th September, 2025.

ORDER

(Under Section 163 of Bhartiya Nagrik Suraksha Sanhita 2023)

Blue Flag Bathing Zone

(Shivrajpur Beach)

No. DBD/0910/09/2025.-WHEREAS, it is hereby informed to Public in general that Shivrajpur Beach, Devbhumi Dwarka has been nominated for Blue Flag certification (an International accreditation for safe and clean beach).

AND WHEREAS, it is further informed that an area covering 300 meters at Shivrajpur Beach has been identified as "Safe Swim Haven" i.e. between the dual colours flags (red & orange) after detailed and through survery of the beach by expert agencies. A "Safe Swim Haven" is the safest place of the beach where the conditions are most favourable to swimmers & bathers.

Now, there, in exercise of the powers conferred upon me by section 163 of Bharatiya Nagarik Suraksha Sanhita 2023, I, Bhupesh Jotania, (GAS), Additional District Magistrate, Devbhumi Dwarka, do hereby make this written order for strict compliance by the general public, including the citizens of Shivrajpur and visitors that;

"Public is hereby adivsed to use this area duly cordon off with ropes & buoys for bathing & swimming purposes only. No other activities such as water sports and/or fishing can undertaken in this designated bathing area".

This order shall come into force with immediate effect from 27-09-2025 up to 25-11-2025 and shall be effective for this particular Dates unless withdrawn earlier.

Any person contravening this order shall be punishable under section 188 of the Indian Penal Code, 1860.

As the notice cannot be served individually on all concerned, the order is hereby passed ex-parte. It shall be published for the information of the public through Press and by affixing copies on the notice boards of all the offices at Shivrajpur, including every public place concerned and the offices of the Municipal Council and District Panchayat of Devbhumi Dwarka.

The Gujarat Ecology Commission shall display prominently at above mentioned places in the form of bilingual sign boards mentioning that No other activities such as water sports and/or fishing can be undertaken in this designated bathing area of 300 mts at Shivrajpur beach, Devbhumi Dwarka.

According to this order, the Head Constable and their above rank police officers who are on duty in Devbhumi Dwarka district are authorized to file a complaint under section 223 of the Bharatiya Nyaya Sanhita 2023 against the Contravention of this declaration.

Devbhumi Dwarka, 26th September, 2025.

Bhupesh Jotania
Additional District Magistrate,
Devbhumi Dwarka.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું હુકમ

નં. એમએજી/સી/મ.ચા.વે./જાહેરનામું/૧૩૧૦(૧)/૨૦૨૫.- પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક નં. LIB/જા.ના./નાગરિકતા/૧૯૩૪/૨૦૨૫, તા. ૧૩-૧૦-૨૦૨૫ ના પત્રથી અત્રેના જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો, ખાનગી એકમો તથા સંગઠીત/અસંગઠીત શ્રમિકો/કામદારોને રોજગારી આપતી વખતે તેઓની નાગરીકતા વેરીફાઇ/ચોકકસાઇ કરવા અત્રેથી તા. ૧૯-૦૮-૨૦૨૫ થી જાહેરનામું બહાર પાડેલ તે જાહેરનામાની મુદત તા. ૧૭-૧૦-૨૦૨૫ ના રોજ પુર્ણ થતી હોય નવું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત રજુ થયેલ છે.

ગુજરાત રાજ્યમાં અલગ અલગ ઔદ્યોગિક એકમોમાં અને અન્ય ખાનગી એકમો તરફથી મોટી સંખ્યામાં અસંગઠિત શ્રમિકો/કામદારો રોજગારી માટે આવતા હોય છે. રોજગારી આપતી સંસ્થાઓ/એકમો/માલિકો તરફથી શ્રમિકો/કામદારોનો પુર્વ ઈતિહાસ અથવા ઓળખ પ્રસ્થાપિત કરવા માટેની પ્રક્રિયા અપનાવવામાં આવતી નથી. જેના કારણે અસમાજિક તત્વો, ગુનાહિત ઈતિહાસ ધરાવતી વ્યકિતઓ અને ભારતીય નાગરિકતા નહી ધરાવતી વ્યકિતઓને રોજગારી આપી દેવામાં આવતી હોય છે. જે દેશ અને રાજ્યની આંતરિક સુરક્ષા માટે યોગ્ય અને ઈચ્છનીય નથી.

પોરબંદર જિલ્લામાં નાના-મોટા ઔદ્યોગિક એકમો આવેલ છે તથા અન્ય બાંધકામના કામોમાં તેમજ હાલમાં ખેતીકામ માટે બહારથી કે અન્ય રાજયોમાંથી મજુરો લાવી મજુરી કામ કરાવતા હોય છે. આવા સંજોગોમાં જાહેર જનતાની સલામતિ તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે. આથી તમામ પરપ્રાંતયો/કારખાના/ઔદ્યોગિક એકમો/મકાનો વિગેરેમાં કામ કરતા અથવા રહેતા તમામ પરપ્રાંતિયો શ્રમિકો/કામદારોની નાગરિકતાની ખરાઈ કર્યા બાદ જ તમામ સંસ્થા/એકમો/માલિકો તરફથી આવા તમામ શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે તે ઈચ્છનીય અને જરૂરી જણાય છે.

સબબ, હું જે. બી. વદર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ પોરબંદર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આવેલ તમામ ઔદ્યોગિક એકમો, ખાનગી એકમો તથા સંસ્થાઓમાં સંગઠીત/અસંગઠીત શ્રમિકો/કામદારોને રોજગારી આપતી વખતે તેઓનો પૂર્વ ઈતિહાસ, નાગરિકતા અને ઓળખ અંગે સબંધિત પોલીસ સ્ટેશને માહિતી સાથે યાદી રજુ કરવા તથા વેરીફાઈ/ચોકસાઈ કરાવવા આથી હુકમ કરૂ છું.

સરકારી કચેરી/અર્ધ સરકારી કચેરી/બોર્ડ/નિગમ/સરકારી સંસ્થા તથા સરકારી ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાને અધિકારી/કર્મચારીઓને આ જાહેરનામામાંથી મુકિત આપવામાં આવે છે.

આ જાહેરનામું તા. ૧૯-૧૦-૨૦૨૫ થી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનું ઉલ્લધંન કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સબંધિત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા માટે ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૧૫-૦૬-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

પોરબંદર, ૧૫ માહે જુન, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭૧/૧૩૧૦-૨/૨૦૨૫.-પોરબંદર જિલ્લામાં ક્રિમિનલ ગેંગોનું અસ્તિત્વ હોય પરંતુ પોલીસની કડક નિતિના કારણે ફાયર આર્મ્સ જેવા હથિયારોનો ઉપયોગ થતો ન હોય તેમજ ગુન્હાહીત કૃત્યમાં હથિયારો, ચપ્પુ, છરી, લાઠી, દંડા, પાઈપ, સળિયા જેવા સાધનોનો ઉપયોગ ન થાય અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થાય તે હેતુથી અને પોરબંદર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરએ તા. ૧૩-૧૦-૨૦૨૫ ના રોજ દરખાસ્ત કરેલ છે.

સબબ પોરબંદર જિલ્લા વિસ્તારમાં ઉપર્યુકત કારણોસર સુલેહ શાંતિ જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહિ તે માટે હું જે. બી. વદર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર,જિલ્લો પોરબંદર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ સમગ્ર પોરબંદર જિલ્લા પોલીસ વિસ્તારમાં તા. ૨૨-૧૦-૨૦૨૫ થી તા. ૧૯-૧૧-૨૦૨૫ સુધી બંને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, તલવાર, ભાલા, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટ વાળા કોઈ પણ જાતના છરી કે છરી જેવું હથિયાર વળે નહી તેવું, છેડેથી અણીવાળુ પાનુ હોય તેવી છરી સાથે રાખી ફરવાની અથવા તેવી કોઈ બીજી ચીજ લઈ જવી નહી.

૨. કોઈપણ સ્ફોટક પદાર્થો લઈ જવા નહિ.

૩. પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેરવવામાં અથવા નાખવામાં ઉપયોગમાં આવતાં સાધનો લઈ જવા નહી, એકઠા કરવા નહી, તથા તૈયાર કરવા નહી.

૪. કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

૫. વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા કે સળગાવવા નહી.

૬. જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યકિતઓને તેમા દર્શાવ્યા પુરતી બાબતો માટે લાગુ પડશે નહિ.

૧. સરકારી નોકરીમાં કામ કરતી કોઈ વ્યકિત કે જેના ઉપરી અધિકારીશ્રીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાનું તેની ફરજમાં હોય તેવી વ્યકિતઓને હથિયાર લઈ જવાની બાબત માટે.

૨. પોતાની ખેતીમાં ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય અને રોજિંદા કામમાં ઉપયોગ કરી શકે તેવા આશયથી પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જતા હોય તેવા ખેડૂતોને ખેતીના ઓજારો લઈ જવાની બાબત માટે.

આ જાહેરનામાનાં ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલ અથવા તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોરંબદર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાંમદદ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ગુન્હો સાબિત થયે તે વ્યકિતને છ માસની સાદી કેદ અથવા રૂા. ૨,૫૦૦/- સુધીના દંડ અથવા બન્ને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવન અથવા સ્વાસ્થ્ય અથવા સલામતી માટે કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને એક વર્ષની કેદ અથવા રૂા. ૫૦૦૦/- પાંચ હજાર સુધીના દંડ સહિતની બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૧૫-૧૦-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૧૫ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

જે. બી. વદર
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર

જાહેરનામું

નં. ડીએમ-૧/ફા.નં.૧૪૩૬/રેલ્વે જાના./ઓકટો.-નવે-૨૫.-શિહોર ખાતે આવેલ શિહોરથી ઘાંઘળી તરફ જતા રસ્તા પર રેલ્વે લાઈનના ફાટક નં. ૨૦૫/B પર ઓવરબ્રીજના કામે અત્રેથી તા. ૨૮-૦૮-૨૦૨૫ ના જાહેરનામાથી શિહોરથી ઘાંઘળી તરફ તેમજ ઘાંઘળીથી શિહોર તરફ આવતા-જતા વાહનો માટે ડાયવર્ઝન રૂટ અંગેનું તા. ૦૧-૧૦-૨૦૨૫ ની મુદત સુધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. સદરહું ઓવરબ્રીજની કામગીરી અંદાજીત ૧૫ (સોળ) માસ સુધી સતત ચાલુ રહેવાની હોય ઉકત જાહેરનામાની મુદતમાં વધારો કરી આપવા Manager(Pro.), PIU, Bhavnagar, GUDC ના પત્ર નં. GUDC/PIU/BVN/ZON0Sihor ROB.2025/414 થી દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્તની વિગતે જાહેરનામું પાડવું ઉચિત જણાય છે.

સબબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ હું એન. ડી. ગોવાણી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી શિહોર ખાતે આવેલ શિહોરથી ઘાંઘળી તરફ જતા રસ્તા પર રેલ્વે લાઈનના ફાટક નં. ૨૦૫/B પર રેલ્વે ઓવરબ્રીજના કામે તા. ૦૮-૧૦-૨૦૨૫ થી તા. ૦૬-૧૧-૨૦૨૫ સુધી શિહોરથી ઘાંઘળી તરફ તેમજ ઘાંઘળીથી શિહોર શહેર તરફ આવતા વાહનો માટે નીચે મુજબના ડાયવર્ઝન રૂટ પરથી વાહનો પસાર કરવા ફરમાવું છું.

માત્ર ટુ-વ્હીલર તથા ફોર વ્હીલર વાહનોની અવરજવર માટે :

૧. શિહોરથી વાયા શિહોર GIDC થઈ ઘાંઘળી-વલ્લભીપુર તરફ જતા વાહન વ્યવહાર માટે ભાવનગર-રાજકોટ હાઈવે ઉપર શિહોર ખાતે આવેલ દાદાની વાવથી વાયા નેસડા ગામ થઈ વલ્લભીપુર તરફના ડાયવર્ઝન રસ્તા પરથી વાહનો પસાર કરવાના રહેશે.

૨. વલ્લભીપુર તરફથી વાયા ઘાંઘળી શિહોર GIDC થઈ શિહોર તરફ આવતા વાહન વ્યવહાર માટે વલ્લભીપુર-ભાવનગર હાઇવે ઉપર ઘાંઘળીથી વાયા નેસડા ગામ થઈ શિહોર શહેર દાદાની વાવ તરફના ડાયવર્ઝન રસ્તા પરથી વાહનો પસાર કરવાના રહેશે.

મોટા વાહનોની અવરજવર માટે :

૧. શિહોરથી વાયા શિહોર GIDC થઈ ઘાંઘળી-વલ્લભીપુર તરફ જતા વાહન વ્યવહાર માટે ભાવનગર-રાજકોટ હાઇવે ઉપર શિહોર ખાતે આવેલ દાદાની વાવથી રાજપરા (ખોડીયાર) થી નવાગામ (ચીલોડા) થી રંગોલી ચોકડી થઈ ભાવનગર-વલ્લભીપુર હાઇવે રોડ ઉપર કરદેજથી ઉંડવીથી નેસડાથી ઘાંઘળી તરફના ડાયવર્ઝન રસ્તા પરથી વાહનો પસાર કરવાના રહેશે.

૨. વલ્લભીપુર તરફથી વાયા ઘાંઘળી શિહોર GIDC થઈ શિહોર તરફ આવતા વાહન વ્યવહાર માટે વલ્લભીપુર-ભાવનગર હાઇવે ઉપર ઘાંઘળીથી નેસડાથી ઉંડવીથી કરદેજથી રંગોલી ચોકડી થઈ ભાવનગર-રાજકોટ હાઇવે ઉપર નવાગામ (ચીલોડા) થી રાજપરા (ખોડીયાર) થી શિહોર શહેર દાદાની વાવ તરફના ડાયવર્ઝન રસ્તા પરથી વાહનો પસાર કરવાના રહેશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા ફરજ પરના અધિકારીશ્રીને અધિકાર રહેશે.

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૦૮-૧૦-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૦૮ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

જાહેરનામું

નં. ડીએમ-૧/ફા.નં.૨૪૩/પ્લા.કો.વાયર/જા.ના./૨૫.-ભાવનગર મહાનગરપાલિકા વિસ્તાર, તમામ નગરપાલિકા વિસ્તાર, ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ, અલંગ વિસ્તાર સત્તા મંડળ ખાતે ઘન કચરો, પ્લાસ્ટીક તથા શીપ કટીંગ દરમિયાન નિકળતા વાયરો તથા અન્ય વસ્તુઓને બાળવા/સળગાવાની પ્રવૃતિને કારણે ઉત્પન્ન થતા ધુમાડાથી હવામાન ખૂબ જ પ્રદુષિત થાય છે અને તે લોકોનાં સ્વાસ્થ્ય માટે હાનીકારક નીવડે છે. આથી કોઈપણ વ્યકિતએ આ તમામ વિસ્તારોમાં ઘન કચરો, પ્લાસ્ટીક કે અલંગ યાર્ડમાંથી નીકળતા પ્લાસ્ટીક કોટેડ વાયર વગેરેને બાળવા/સળગાવવા નહિ તે માટે જાહેરનામું બહાર પાડવા પ્રાદેશિક અધિકારીશ્રી, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ભાવનગરના પત્ર નં. ગુપ્રનિબોર્ડ/પ્રા.ક.-ભાવનગર/T-181/2025/6519 થી દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું યોગ્ય જણાય છે.

આથી હું એન. ડી. ગોવાણી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની પેટા કલમ-(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, લોકોને શુધ્ધ પ્રદુષણરહિત હવા મળી રહે અને લોકોનું સ્વાસ્થય જળવાઈ રહે તે માટે ભાવનગર મહાનગરપાલિકા વિસ્તાર, તમામ નગરપાલિકા વિસ્તાર, ભાવનગર વિસ્તાર વિકાસ સત્તા મંડળ, અલંગ વિસ્તાર વિકાસ સત્તા મંડળમાં સમાવિષ્ટ થતાં વિસ્તારમાં કોઈ પણ વ્યક્તિએ ઘન કચરો, પ્લાસ્ટીક કે અલંગ યાર્ડમાંથી નીકળતા પ્લાસ્ટીક કોટેડ વાયર વગેરેને બાળવા/સળગાવવા નહિ.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો અમલ કમિશનરશ્રી, મહાનગરપાલિકા, ભાવનગર મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ભાવનગર વિસ્તાર વિકાસ સત્તા મંડળ, ભાવનગર, પ્રાદેશીક અધિકારીશ્રી, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ભાવનગર, નિર્દિષ્ટ અધિકારીશ્રી અલંગ વિસ્તાર વિકાસ સત્તા મંડળ, અલંગ, સંબંધિત ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકાઓએ તથા સબંધિત પોલીસ થાણાના અધિકારીશ્રીઓએ કરાવવાનો રહેશે.

સદરહું જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજા થશે.

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૧૪-૧૦-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૧૪ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

એન. ડી. ગોવાણી
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ભાવનગર

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-33 (૧) અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામું

નં. ડી.એમ./વશી/૨૦૭૯/૨૦૨૫.-બોટાદ શહેરમાં ટ્રાફીક સમસ્યા અને લોકોની અવર જવર માટે ટુ-વ્હીલ તથા ફોર વ્હીલ વાહનોના ઉત્તરોત્તર વધારો થવાના કારણે બોટાદ શહેરની ભૌગોલિક પરિસ્થિતિ ધ્યાને લેતા સાળંગપુર થી પાળીયાદ તરફ જવાના માર્ગે કે જે સાળંગપુર રોડ ત્રણ રસ્તાથી ગોંડલ પાન પેલેસથી મસ્તરામ મંદિર સતવારા બોર્ડીંગ થઈ કાબા રૂપાની વાડીથી વકીલ પેટ્રોલ પંપ સામેથી પાળીયાદ રોડ ઉપર પ્રવેશ જાહેરનામુ બહાર પાડવામાં આવેલ. આ રોડ પરથી આવતાં ટ્રાફીકને ફકત સાળંગપુર રોડ પરથી પ્રવેશ માટે જાહેર કરવો તથા તેવી જ રીતે પાળીયાદ તરફથી સાળંગપુર તરફ જતાં વાહનો માટે હવેલી ચોકથી મોબાઈલ બજાર, કરમશી ભવાન કિરાણા સ્ટોર (તરાના પાન) થી ટાવર રોડ સુધી રૂટ એકમાર્ગીય જાહેર કરવો ખૂબ જરૂરી જણાય છે.

ઉપરાંત પીક-અવર્સ દરમ્યાન એટલે કે સવારના ૧૦-૦૦ કલાકથી ૧૪-૦૦ કલાક તથા સાંજે ૧૬-૦૦ કલાક થી ૨૦-૦૦ કલાક સુધી ભારે વાહનો માટે પ્રવેશ નિષેધ જાહેર કરવો જરૂરી જણાય છે. તેમજ હવેલી ચોકથી દિનદયાળ ચોક અને હીરા બજારમા થતી ટ્રાફીક સમસ્યા નિવારવા ફકત એક બાજુ એકી-બેકી તારીખે એટલે કે એકી તારીખે જમણી બાજુ બેકી તારીખે ડાબી બાજુ દ્વી ચકીય વાહનો પાર્ક કરવા જાહેરનામુ બહાર પાડવાથી ટ્રાફીક વ્યવસ્થા નિવારી શકાય તેમ છે.

પોલીસ અધિક્ષકશ્રી તરફથી રજુ થયેલ દરખાસ્ત અન્વયે બોટાદ શહેરમાં હવેલી ચોકથી આગળ પાળીયાદ રોડ ઉપરના ચામુંડા લોજની સામેના ખાંચામાં ફોર્ચ્યુન હોસ્પીટલ, યજ્ઞેશ હોસ્પીટલ, અમર હોસ્પીટલ, શ્રધ્ધા હોસ્પીટલ તેમજ ડાભી ગેસ્ટહાઉસ વિગેરે આવેલ હોય દર્દીઓ/લોકોના વાહનોની અવર જવર ટ્રાફિક સમસ્યા નિવારવા માટે પાળીયાદ રોડ પરથી આવતા વાહનોને ફોર્ચ્યુન હોસ્પીટલ વાળા ખાચામાં જવા માટે એક માર્ગીય પ્રવેશ રૂટ કરવો તથા ફોર્ચ્યુન હોસ્પીટલ વાળા ખાંચા માંથી પાળીયાદ રોડ તરફ બહાર નિકળવા માટે પ્રજાપતિ સમાજની વાડી બોઈઝ હાઈસ્કુલ હવેલી ચોક અથવા પટેલ ઈલેકટ્રોવિઝન વાત્સલ્ય વુમન કેર મોચી સમાજની વાડી વડોદરીયા હોસ્પીટલ પાળીયાદ રોડ તરફ એક માર્ગીય પ્રવેશ રૂટ નકકી કરવો જરૂરી જણાય છે.

આ અંગે પોલીસ અધિક્ષકશ્રી, બોટાદના તા. ૦૭-૧૦-૨૦૨૫ ના પત્ર ક્રમાંક ટ્રાફીક/ભારે વાહન/પાર્કિંગ/વન-વે/૯૧૩/૨૦૨૫ થી દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) નીચે મને મળેલ અધિકારની રૂએ હું, પી. એલ. ઝણકાત, (G.A.S.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ નીચે મુજબના રસ્તા ઉપર વાહનોને પસાર થવાનું ફરમાવું છું.

(૧) રેલ્વે સ્ટેશન રોડ, નવ નિર્મિત અન્ડરબ્રિજ, સાળંગપુર રોડ તથા ટાવર રોડ પરથી પાળીયાદ તરફ જતા વાહનોને ફકત સાળંગપુર ત્રણ રસ્તાથી ગોંડલ પાન પેલેસથી મસ્તરામ મંદિર-સતવારા બોર્ડીંગ થઈ કાબા રૂપાની વાડીથી વકીલ પેટ્રોલપંપ સામેથી પાળીયાદ રોડ ઉપર પ્રવેશ કરવાનો રહેશે.

(૨) તેવી જ રીતે પાળીયાદ તરફથી સાળંગપુર જતાં વાહનોને હવેલી ચોકથી મોબાઈલ બજાર, કરમશી ભવાન કિરાણા સ્ટોર (તરાના પાન)થી ટાવર રોડ પર પ્રવેશ કરવાનો રહેશે.

(૩) હવેલી ચોકથી દિનદયાળ ચોક અને હિરા બજારમાં ટ્રાફીક સમસ્યા નિવારવા ફકત એકબાજુ વ્હિ-ચક્રી વાહનો પાર્ક કરવા એટલે કે, એકી તારીખે જમણી બાજુ તથા બેકી તારીખે ડાબી બાજુ વહનો પાર્ક કરવાના રહેશે.

(૪) બોટાદ શહેરમાં પીક-અવર્સ દરમ્યાન એટલે કે સવારના ૧૦-૦૦ કલાકથી ૧૪-૦૦ કલાક તથા સાંજે ૧૬-૦૦ કલાક થી ૨૦-૦૦ ભારે વાહનો માટે પ્રવેશ નિષેધ રહેશે.

(૫) ફોર્ચ્યુન હોસ્પીટલ વાળા ખાચામાં જવા માટે એકમાર્ગીય પ્રવેશ રૂટ કરવો તથા ફોર્ચ્યુન હોસ્પીટલ વાળા ખાંચા માંથી પાળીયાદ રોડ તરફ બહાર નિકળવા માટે પ્રજાપતિ સમાજની વાડી વડોદરીયા હોસ્પીટલ પાળીયાદ રોડ તરફ એક માર્ગીય પ્રવેશ રૂટ નકકી કરેલ છે.

આ જાહેરનામું તા. ૧૯-૧૦-૨૦૨૫ થી તા. ૧૮-૧૧-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૧૪-૧૦-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

બોટાદ, ૧૪ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

પી. એલ. ઝણકાત
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
બોટાદ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(એન) હેઠળનું

સંદર્ભ : પોલિસ અધિક્ષકશ્રી સુરેન્દ્રનગરના તા. ૧૭-૦૯-૨૦૨૫ ના પત્ર નં. LIB/નવરાત્રી/જા.ના./૬૧૪/૨૫.

જાહેરનામું

ક્રમાંક : મજસ-૧/નવરાત્રિ/જા.નામું/૨૦૨૫/વશી-૪૨૮૬ થી ૪૩૧૧.-આગામી તા. ૨૨-૦૯-૨૦૨૫ થી તા. ૦૨-૧૦-૨૦૨૫ દરમિયાન નવરાત્રિ/દશેરાના તહેવારની ઉજવણી થનાર હોય, નવરાત્રિ તહેવાર દરમિયાન ગરબા કાર્યક્રમના આયોજનો કરવામાં આવે છે. હાલની કાયદો અને વ્યવસ્થા પરિસ્થિતિને ધ્યાને રાખી ગતવર્ષ નવરાત્રિ દરમિયાન પ્રસિધ્ધ કરેલ જાહેરનામા મુજબનું જાહેરનામું તા.૨૨-૦૯-૨૦૨૫ થી તા.૦૨-૧૦-૨૦૨૫ દરમિયાન ઉજવવામાં આવનાર નવરાત્રિ-દશેરા તહેવાર માટે પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી સુરેન્દ્રનગર દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ છે.

નવરાત્રી/દશેરાના તહેવારો દરમિયાન શહેરી વિસ્તારોમાં જિલ્લા બહારથી, રાજ્ય બહારથી જાણિતા ઓરકેસ્ટ્રા ગૃપોને બોલાવી એન્ટ્રી પાસ રાખી અથવા આમંત્રણપત્ર છપાવી અને શેરી ગરબા પ્રકારના રાસ-ગરબાના કાર્યક્રમોનું મોટા પાયે આયોજન થતુ હોય છે. સાર્વજનિક રીતે યોજવામાં આવતા દાંડીયા રાસ, ગરબા, મ્યુઝિકલ નાઈટસના કાયક્રમ યોજતી સંસ્થાઓએ હાલની સલામતિની પરિસ્થિતિની દ્રષ્ટિએ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનિય બનાવ બનવા ન પામે તથા એકત્રિત માનવમેદનીના સંચાલન વિગેરે બાબતે ચોકસાઈ અને તકેદારી રાખી શકાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી સુરેન્દ્રનગરની સંદર્ભવાળી દરખાસ્ત અન્વયે સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં નવરાત્રિ ગરબા યોજતી સંસ્થા/વ્યકિતઓને નીચેની વિગતે અમલ કરવા ફરમાવવું મને જરૂરી જણાય છે.

આથી હું આર. કે. ઓઝા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તા. ૨૨-૦૯-૨૦૨૫ થી તા. ૦૨-૧૦-૨૦૨૫ સુધી અનુસૂચિમાં જણાવેલ વિગતોએ અમલ કરવા માટે ફરમાવું છું.

અનુસૂચિ :

(૧) દરેક સંસ્થા/વ્યકિતએ ગરબા/ગરબીના આયોજન અંગેનું પરફોર્મન્સ પ્રિમાઈસિસ લાયસન્સ સમય મર્યાદામાં સંબંધિત વિસ્તારના સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી પાસેથી નિયમોનુંસાર મેળવી સ્થાનિકે રાખવાનું રહેશે.

(૨) સંબંધિત પોલીસ સ્ટેશનના અધિકારીશ્રી પાસે લાઉડ સ્પીકર વગાડવાની નિયમોનુસારની પૂર્વમંજુરી અલગથી મેળવી લેવાની રહેશે. માઈક તથા લાઉડ સ્પીકર/પબ્લિક એડ્રેસ સિસ્ટમનો ઉપયોગ

નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ-૨૦૦૦ની કલમ-૫(૨)(૩)ની જોગવાઈઓને આધિન તથા ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગના જાહેરનામા ક્રમાંક : એફઈડી/આઈઆરટી/ઈ-ફાઈલ/૬/૨૦૨૪/૦૨૩૧/ટેક સેલ તા. ૨૧-૦૭-૨૦૨૫ ના જાહેરનામા મુજબ રાત્રિના ૧૨-૦૦ વાગ્યા સુધી કરવાનો રહેશે. ત્યારબાદ કોઈ પબ્લિક એડ્રેસ સિસ્ટમ/લાઉડ સ્પિકર વગાડવા નહીં.

(૩) ગરબીના આયોજકોએ તેમની સંસ્થાનું નામ/મંડળનું નામ, આયોજકનું નામ/મોબાઈલ નંબર તથા અન્ય કાર્યકરોની સંપૂર્ણ વિગતો સંબંધિત વિસ્તારના પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

(૪) ગરબાના કાર્યક્રમની જગ્યાઓએ એન્ટ્રન્સ અને એક્ઝિટના ગેટ મોટા તથા અલગ-અલગ રાખવાના રહેશે.

(૫) ગરબા/ગરબીના આયોજનના સ્થળે ખેલૈયા/પ્રવેશનાર તમામ વ્યકિતઓના ફોટો આઈડી કાર્ડની ચકાસણી બાદ ઓળખકાર્ડ આપીને જ પ્રવેશ આપવાનો રહેશે.

(૬) ઈલેકટ્રિક અંગેના કનેકશનો સંબંધિત ઓથોરીટી પાસેથી મેળવી લેવાના રહેશે તેમજ આકસ્મિક સંજોગોમાં ઈમર્જન્સી લાઈટની તથા પાવર સપ્લાય બેકઅપ માટે જનરેટર/ઈન્વર્ટર/એમ.સી.બી./એમ.આઈ.એલ.એલ.બી. ની વ્યવસ્થા આયોજકોએ જાતે જ રાખવાની સુચના આપવામાં આવી. ઈલેકિટ્રક ફીટીંગ અંગેનુ પ્રમાણપત્ર ગર્વમેન્ટ ઓથોરાઈઝડસ ઈલેકિટ્રશિયન પાસેથી મેળવી લેવાનું રહેશે.

(૭) ગરબાના કાર્યક્રમની જગ્યાઓએ (૧) લોકોની સલામતિ માટે (૨) મહિલા સુરક્ષા માટે (૩) ટ્રાફિકની જાળવણી માટે તથા (૪) દારૂ પીધેલ વ્યકિત ગરબાના સ્થળે અંદર ન પ્રવેશે તે માટે આયોજક તરફથી એક-એક જવાબદાર વ્યકિતને ફરજિયાત નિમવાના રહેશે. આયોજકોએ સલામતી માટે પુરૂષ તથા સ્ત્રી એમ બન્ને પ્રકારના સલામતી કર્મચારી યુનિફોર્મ સાથે રાખવાના રહેશે તથા સિકયુરિટી કર્મચારીશ્રીઓની વિગત સંબંધિત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

(૮) સલામતીના હેતુસર ગરબાના સ્થળે, દરેક એન્ટ્રી પોઈન્ટ તથા પાર્કીંગની જગ્યાએ નાઈટ વિઝનવાળા હાઈ રિઝોલ્યુશન સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવાના રહેશે. સી.સી.ટી.વી. ડી.વી.આર./સીડીનું બેકઅપ ત્રમ માસ સુધી સાચવવાનું રહેશે તથા કરેલ રેકોર્ડીંગની સીડી/બેકઅપ પોલીસ કન્ટ્રોલરૂમને આપવાનું રહેશે. સીસીટીવી કેમેરા કેટલા અને કયાં લગાવેલ છે તેની માહિતી પણ આપવાની રહેશે.

(૯) દરેક એન્ટ્રી પોઈન્ટ ઉપર ડોરફ્રેમ મેટલ ડિટેકટર/હેન્ડ મેટલ ડિટેકટર તથા સિક્યુરિટી સ્ટાફ તથા બ્રેથ એનેલાઈઝર વગેરે રાખવાના રહેશે અને શંકાસ્પદ વ્યકિતની શારિરીક ચકાસણી કરી તે દેખીતી રીતે દારૂ પીધેલ જણાય તો પોલીસને જાણ કરવાની રહેશે.

(૧૦) ગરબાના સ્થળે વાહનોના પાર્કિંગની પુરતી વ્યવસ્થા અલગ ખુલ્લી જગ્યાએ કરવી અને તે સ્થળે વોલેન્ટીયર્સ/ખાનગી સિક્યુરીટી ગાર્ડ મારફતે વ્યવસ્થા જાળવવાની રહેશે. પાર્કીંગ રોડ ઉપર થવુ જોઈશે નહી. રોડ ઉપર પાર્કિંગ થવાથી આપેલ પરવાનગી રદ થવા પાત્ર રહેશે. પાર્કિંગની જગ્યા માટે જરૂરી સાઈન બોર્ડ રાખવાના રહેશે. જગ્યાની સામે ૨૦૦ મીટર સુધી ટ્રાફિક જામ ન થાય તે અંગેની તકેદારી રાખવાની રહેશે.

(૧૧) ગરબાના આયોજનના સ્થળે ફાયર બોલ્સ/ફાયર એકટીંગ્યુશર, ફસ્ટ એઈડ બોકસ તથા સેનિટેશનની જરૂરી વ્યવસ્થા રાખવાની રહેશે.

(૧૨) ગરબાના સ્થળે ગરબા પર્ફોર્મ કરવા માટે જો સ્ટેજ બનાવવામાં આવેલ હોય તો સંબંધિત નગરપાલિકા તથા માર્ગ અને મકાન વિભાગ પાસેથી આ અંગેની ચકાસણી કરી પ્રમાણપત્ર મેળવી લેવાનું રહેશે.

(૧૩) યુવાવર્ગમાં હાલમાં સડન કાર્ડિયાક એરેસ્ટથી તાત્કાલિક હૃદય બંધ પડી જવાથી મૃત્યુ પામવાની ઘટનાઓ બનવા પામે છે. જેથી કોમર્શિયલ પાર્ટી પ્લોટમાં ગરબા રમવાના સ્થળે આવી કોઈ ઘટના ના બને તે માટે સી.પી.આર. આપવાની તાલીમ લીધેલ હોય અને સી.પી.આર. જાણતા હોય તેવા સ્વંયસેવકોની/મેડીકલ ટીમની વ્યવસ્થા રાખવા તેમજ ખેલૈયાઓની હેલ્થ હિસ્ટરીની વિગતો મેળવીને વીમા પોલીસી મેળવી લેવાની રહેશે.

(૧૪) ગરબાના પ્રોફેશનલ પાર્ટી પ્લોટોએ સમય મર્યાદામાં જી.એસ.ટી. નંબર મેળવી લેવાના રહેશે.

(૧૫) નવરાત્રિ દરમિયાન આયોજકો/વ્યવસ્થાપકોએ નવરાત્રિના રાસ-ગરબાના સ્થળે ગંદકી કે કોઈ રોગચાળો ન ફેલાય તે માટે અગમચેતીના તમામ પગલા ભરવાની જવાબદારી રહેશે.

(૧૬) ગરબાના સ્થળની જગ્યા જો ખાનગી માલિકીની હોય જો જગ્યા માલિકનું સંમતિપત્ર ફરજિયાત મેળવવાનું રહેશે.

(૧૭) નવરાત્રિ આયોજકોએ પંડાલની કેપેસિટી મુજબના વ્યકિતઓને પ્રવેશ આપવાનો રહેશે. વ્યકિતદિઠ ઓછામાં ઓછી ૧(એક) ચો.મી. જગ્યા રહે તે મુજબ પ્રવેશ આપવાનો રહેશે.

(૧૮) નવરાત્રિ આયોજક દ્વારા પંડાલમાં કેટલા વ્યકિતઓ/દર્શકો/ખેલૈયાઓ પ્રવેશે છે તેનો સંપૂર્ણ દસ્તાવેજી રેકર્ડ રાખવાનો રહેશે.

(૧૯) નવરાત્રિ આયોજકોએ પંડાલમાં ફિકસ પાર્ટિશન કરવાનું રહેશે નહી. ઈમરજન્સીના સમયે વ્યકિતઓ સહેલાઈથી ઈમરજન્સી એક્ઝિટ તરફ જઈ શકે તે મુજબ રસ્તા ખુલ્લા રાખવાન રહેશે. આયોજનના સ્થળે ઓછામાં ઓછા બે (૨) Emergency Exit રાખવાના રહેશે, જે પરસ્પર વિરૂધ્ધ દિશામાં હોવા જોઈએ. ગેટની સામેના ભાગે ૫ મીટર ખુલ્લું હોય તે મુજબનું રાખવાનું રહેશે તેમજ ખેલૈયાઓ તથા દર્શકો સ્થળનો લે-આઉટ પ્લાન સરળતાથી જોઈ શકે તે રીતે પંડાલની અંદર તથા બહાર પ્રદર્શિત કરવાનો રહેશે.

(૨૦) નવરાત્રિ આયોજકોએ આયોજનના સ્થળે મંડપ કોઈપણ પ્રકારની ભઠ્ઠી,ઈલેક્ટ્રિક સબ સ્ટેશન, ઈલેક્ટ્રિક ટ્રાન્સફોર્મર, ઈલેક્ટ્રિક હાઈટેન્શન લાઈન કે રેલ્વે લાઈનથી દૂર રાખવાના રહેશે.

(૨૧) નવરાત્રિ આયોજકોએ ફાયર સેફટી અંગે જરૂરી ફાયર સેફટી ઈક્વિપમેન્ટ વસાવી લેવાના રહેશે તેમજ સંબંધિત કોર્પોરેશનનું ફાયર સેફટી પ્રમાણત્રમેળવી લેવાની રહેશે.

(૨૨) ગરબાના આયોજનના સ્થળે સ્ટેજ પર ગુનાહિત ઈતિહાસ ધરાવતા ઈસમોને બોલાવીને ગ્લોરિફાઈ કરવાની કે વીડિઓ બનાવી સોશિયલ મીડિયામાં વાયરલ પ્રવૃતિ કરવાની રહેશે નહી.

(૨૩) અત્રેની કચેરીમાં તા. ૨૭-૦૯-૨૦૨૫ના રોજ રાખવામાં આવેલ બેઠકમાં આપવામાં આવેલ તમામ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

જો કોઈ ઈસમ ઉપરોકત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરાવવામાં મદદગારી કરશે તો આવા ઈસમોને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે. સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફરજ બજાવતા

હેડ કોન્સ્ટેબલથી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૨૦ માહે સપ્ટેમ્બર સને-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૨૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

આર. કે. ઓઝા,(G.A.S.)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
સુરેન્દ્રનગર જિલ્લો.

ઈ.ચા. પોલીસ કમિશનર દ્વારા જાહેરનામું

ક્રમાંક : સીબી-૬/દિવાળી-રંગોળી-જાહેરનામું/૯૭૭/૨૦૨૫.-રાજકોટ શહેર, રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે દિપાવલીની ઉજવણીના ભાગરૂપે તા.૧૬-૧૦-૨૫ થી તા.૨૦-૧૦-૨૫ સુધી દિવાળી ઉત્સવોનું આયોજન રેસકોર્ષ રીંગરોડની આજુબાજુ કરવામાં આવેલ છે. સદરહુ કાર્યક્રમમાં રંગોળી સ્પર્ધા, ભવ્ય આતશબાજી, લેઝર-શો, લાઈટીંગ ડેકોરેશન, મ્યુઝીકલ બેન્ડ જેવી વિવિધ પ્રવૃત્તિઓ થનાર હોય અને તા.૧૭-૧૦-૨૫ ના રોજ રેસકોર્ષ રીંગરોડને ફરતે રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હોય, આ રંગોળી સ્પર્ધામાં શહેરમાંથી ખુબજ મોટા પ્રમાણમાં આમજનતા જોળાનાર હોય તથા રંગોળી જોવા આવનાર હોય, જેથી વાહનનું પ્રમાણ ખુબજ રહેતું હોય,

આમ આ રંગોળી સ્પર્ધાનું આયોજનમાં આવતી આમજનતા સરળ રીતે હરીફરી શકે અને સદરહુ અલગ-અલગ કાર્યક્રમનું આયોજન સુચારૂ અને સુવ્યવસ્થિત રીતે થાય તથા સલામત રીતે વાહન વ્યવહાર ચાલુ રહે અને અકસ્માતના કે અન્ય બનાવો ન બને તે માટે નીચેની વિગતેનું જાહેરનામું તા. ૧૬-૧૦-૨૦૨૫ ના કલાક ૧૪:૦૦ થી તા. ૨૦-૧૦-૨૦૨૫ના કલાક ૨૪:૦૦ વાગ્યા સુધીનું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

(૧) ઉપરોકત તારીખ સમયે રેસકોર્ષ રીંગરોડ ખાતે બહુમાળી ભવન ચોકથી મેયર બંગલા સુધી ફોર-ટ્રેકનો અંદરની સાઈડનો રોડ (મોર્નીંગ વોક) ઉપર તમામ પ્રકારના વાહનોના અવર-જવર માટે પ્રવેશ બંધ તથા નો-પાર્કિંગ ઝોન જાહેર કરવામાં આવે છે.

(૨) રેસકોર્ષ રીંગરોડનો બહારના ભાગે આવેલ રોડ ઉપર તમામ પ્રકારના વાહનો (ભારે વાહન સીવાયના) અવર-જવર માટે ચાલુ રહેશે. (રેસકોર્ષ મેળા ગ્રાઉન્ડમાં લોકોને પાર્કિંગ કરવા માટે ફનવર્લ્ડ ડીવાઈડર વાળો ગેઈટ, પો.અધિ.શ્રી ગ્રામ્યના બંગલા સામે રેસકોર્ષનો ગેઇટ અને જુની એન.સી.સી. વાળા ગેઈટથી પ્રવેશ કરી વાહન પાર્કિંગ કરી શકાશે.

(૩) તેમજ પાર્કિંગ વ્યવસ્થા નીચેના સ્થળોએ કરવામાં આવે છે.

(૧) માધવરાય સિંધીયા ક્રિકેટ ગ્રાઉન્ડ સામે (ચબુતરાવાળુ ગ્રાઉન્ડ

(૨) બાલભવનના ગેઈટ થી એથ્લેટીક ગ્રાઉન્ડ સુધી

(૩) બાલભવનના ગેઈટ થી આર્ટ ગેલેરી સુધી

(૪) આમ્રપાલી ફાટક થી એરપોર્ટ ફાટક રેલવે પાટા તરફ

(૫) રેસકોર્ષ મેળા ગ્રાઉન્ડ

(૪) રંગોળી સ્પર્ધામાં ભાગ લેનાર તથા નિહાળવા આવનાર ઉમેદવારો/નાગરીકો પોતાના કોઈપણ પ્રકારના વાહનો રંગોળી સ્થળ પર લાવી શકાશે નહીં. તેઓએ પાર્કિંગના સ્થળોએ જ પાકરી રંગોળી સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

(૫) અનિવાર્ય સંજોગો તથા વી.આઈ.પી. બંદોબસ્ત સમયે વાહન વ્યવહાર અંગે જરૂરી તાકિદે નિર્ણય તત્પુરતો નિર્ણય લેવામાં આવશે.

આથી હું મહેન્દ્ર બગડીયા, I/c. પોલીસ કમિશનર, રાજકોટ શહેર અમોને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ થી મળેલ સત્તાની રૂએ આજરોજ તા. ૧૬-૧૦-૨૦૨૫ થી ઉકત વિગતેનું જાહેરનામું જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વાહન ચાલક મોટર વાહન અધિનિયમ-૧૯૮૮ ની કલમ-૧૮૩ અને કલમ-૧૮૪ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું ફરજ પરના પોલીસના વાહનો, એમ્બ્યુલન્સ, શબવાહીની, ફાયર બ્રિગેડના વાહનો તેમજ સરકારી વાહનોને આકસ્મીક સંજોગોમાં લાગુ પડશે નહીં. તદઉપરાંત મહાનગરપાલિકાના વાહનોને ખાસ કિસ્સામાં વાહનો લાવવા લઈ જવા માટે મદદનીશ પોલીસ કમિશનરશ્રી, ટ્રાફિક શાખા, રાજકોટ શહેર ખાતેથી પરવાનગી મેળવી શકશે.

સુરેન્દ્રનગર, ૧૬ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

મહેન્દ્ર બગડીયા
I/c. પોલીસ કમિશનર
રાજકોટ શહેર.

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં. : નધણ/ક-૨/૨૫૪/૨૭૭૭/૨૦૨૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, દેવપર જુથ ક્લસ્ટર લેવલ ફેડરેશન વિવિધલક્ષી સહકારી મંડળી લી., ઘર નં. ૧૯, સાંયરા ચાર રસ્તા, ગંગાજી રોડ, મુ. દેવપર, તા. નખત્રાણા, જિ. કચ્છને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ ના ગુજરાતના કાયદા-૧૦) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : CSKUTSEB202501642

ભુજ-કચ્છ, ૦૩ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં. : નધણ/ક-૨/૨૫૦/૨૭૩૫/૨૦૨૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, રૂદ્ર કન્ઝુમર્સ કો-ઓપરેટીવ સોસાયટી લી., પ્લોટ નં. 6-A, ટાટા નગર, જુના બસસ્ટેશનની સામે, ભચાઉ, તા. ભચાઉ, જિ. કચ્છને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ ના ગુજરાતના કાયદા-૧૦) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : CSKUTBHA202501640

ભુજ-કચ્છ, ૦૩ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં. : નધણ/ક-૨/૨૫૨/૨૭૮૩/૨૦૨૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, વિરાણી મોટી જુથ ક્લસ્ટર લેવલ ફેડરેશન વિવિધલક્ષી સહકારી મંડળી લી., લક્ષ્મીનારાયણ મંદિરની બાજુની ગલી, મુ. વિરાણી મોટી, તા. નખત્રાણા, જિ. કચ્છને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ ના ગુજરાતના કાયદા-૧૦) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : CSKUTSEB202501641

ભુજ-કચ્છ, ૦૩ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

એમ. એલ. અગરવાલ
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ
ભુજ-કચ્છ

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭/૧૦૮ હેઠળની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીનાં કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગનાં તા. ૨૧-૦૭-૨૦૧૧ના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૦૫/એનએસબી/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) ઓડીટરશ્રી એસ. વી. હંજડા, ઓડિટર ગ્રેડ-૨, સ.મં. જામનગરનો તા. ૦૩-૦૧-૨૦૨૪ થી રજૂ થયેલ ખાસ અહેવાલ.

(૪) અત્રેની કચેરીના : ફડચ/ક-૪/૭/૧૩/૨૦૨૫ તા. ૦૭-૦૩-૨૦૨૫ નો વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ક-૪/૮૪/૯૦/૨૦૨૫-હું, એ. એમ. સિધ્ધપરા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર, અમોને ઉકત વંચાણે લીધા ક્રમાંક-૨ પરના જાહેરનામાંથી મળેલ સત્તા અને અધિકાર ની રૂએ શ્રી મોડા સેવા સહકારી મંડળી લી., મુ. મોડા, તા. જામનગર, જિલ્લો. જામનગર જેના નોંધણી નંબર-૦૭૬૫ નોંધણી તારીખ : ૨૬-૧૧-૧૯૫૩ ને આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈ, ગુજરાત સરહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭(૧) જોગવાઈ મુજબ વંચાણે લીધા આંક-૪ થી કરવામાં આવેલ ફડચાના વચગાળાના આદેશને બહાલી આપતો અંતિમ આદેશ કરૂ છું અને કાયદાની કલમ-૧૦૮ અન્વયે બ્રાન્ચ મેનેજરશ્રી, જામનગર જિલ્લા સહકારી બેંક લી, અલીયાબાડા શાખા, મુ. અલીયાબાડા, તા. જામનગર, જિ. જામનગરની ફડચા અધિકારી તરીકે નિમણૂક કરૂ છુ. નિયુક્ત ફડચા અધિકારીએ ફડચા અધિકારી તરીકે મંડળીના તમામ દફતર, માલમિલ્કતનો ચાર્જ સંભાળીને ફડચાની તમામ કામગીરી નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

જામનગર, ૧૦ માહે જુલાઈ, સને ૨૦૨૫.

એ. એમ. સિધ્ધપરા
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જામનગર.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ઝ/૭૦/૧૦૧૭/૨૦૨૫.-નોંધણી પત્ર ક્રમાંક-CSPORSEB202501746-આથી જાહેર કરે છે કે, મોઢવાડા ક્લસ્ટર લેવલ વિવિધલક્ષી સહકારી મંડળી લી., મુ. મોઢવાડા, તાલુકો : પોરબંદર, જિલ્લો : પોરબંદર સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પોરબંદર, ૧૦ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ઝ/૭૨/૧૦૧૯/૨૦૨૫.-નોંધણી પત્ર ક્રમાંક CSPORSEB202501747-આથી જાહેર કરે છે કે, શ્રી કુછડી ક્લસ્ટર લેવલ વિવિધલક્ષી સહકારી મંડળી લી., મુ. કુછડી, તાલુકો : પોરબંદર, જિલ્લો : પોરબંદર સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પોરબંદર, ૧૦ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

એસ. આર. અણીયારીયા
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
પોરબંદર

નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. નધણ/૦૧/ખ-૩/૪૫૮/૨૦૨૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી અમરગઢ કલસ્ટર વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મું. અમરગઢ, તા. શિહોર, જિ. ભાવનગરની સને-૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

REG NO. CSBAVSEM202501177.

ભાવનગર, ૦૪ માહે ઓગષ્ટ, સને ૨૦૨૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ થી ૧૦૮ ની જોગવાઈ.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૨૧-૦૭-૨૦૧૧. જાહેરનામાં ક્રમાંક : જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ. તથા તા. ૨૬-૦૮-૨૦૧૧નાં જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) અત્રેની કચેરીનાં તા. ૦૬-૦૮-૨૦૨૫ના હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ખ-૪/૪૫૧ થી ૪૫૬/૨૦૨૫ થી કરેલ વચગાળા આદેશ.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ખ-૪/૫૮૭ થી ૫૯૩/૨૦૨૫.-આથી, હું એ. ડી. દેસાઈ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર ઉકત વંચાણે લીધા ક્રમ-(૧)ની જોગવાઈ તથા ક્રમ-(૨)નાં જાહેરનામાંથી મળેલ સત્તાની રૂઈએ તેમજ આમુખની વિગતો ધ્યાને લઈ શ્રી હરસિધ્ધિ નર્મદા યોજના સિંચાઈ

સહકારી મંડળી લી., મુ. રાજગઢ, તા. જિ. ભાવનગર કે જે નોંધણી નં. ખે-૬૦૫૮, તા. ૨૬-૧૦-૨૦૦૪ થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેને ઉકત વંચાણે લીધા ક્રમ-(૩) નાં હુકમથી કરવામાં આવેલ વચગાળાં આદેશને બહાલી આપતો અંતિમ આદેશ કરૂ છુ, અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) સહકારી મંડળીઓ, ભાવનગરની નિમણુંક કરૂ છું. નિયુકત ફડચા અધિકારીએ તાત્કાલીક ચાર્જ સંભાળી સમય મર્યાદામાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

ભાવનગર, ૧૩ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ થી ૧૦૮ ની જોગવાઈ.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૨૧-૦૭-૨૦૧૧. જાહેરનામાં ક્રમાંક : જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ. તથા તા. ૨૬-૦૮-૨૦૧૧નાં જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) અત્રેની કચેરીનાં તા. ૦૬-૦૮-૨૦૨૫ના હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ખ-૪/૪૫૭ થી ૪૬૨/૨૦૨૫ થી કરેલ વચગાળા આદેશ.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ખ-૪/૫૮૦ થી ૫૮૬/૨૦૨૫.-આથી, હું એ. ડી. દેસાઈ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર ઉકત વંચાણે લીધા ક્રમ-(૧)ની જોગવાઈ તથા ક્રમ-(૨)નાં જાહેરનામાંથી મળેલ સત્તાની રૂઈએ તેમજ આમુખની વિગતો ધ્યાને લઈ શ્રી જય કિશાન ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. કણકોટ, તા. ઘોઘા, જિ. ભાવનગર કે જે નોંધણી નં. ઉ-૧૪૨૫૫, તા. ૧૦-૧૦-૨૦૧૪ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેને ઉકત વંચાણે લીધા ક્રમ-(૩) નાં હુકમથી કરવામાં આવેલ વચગાળાં આદેશને બહાલી આપી ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂ છુ, અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) સહકારી મંડળીઓ, ભાવનગરની નિમણુંક કરૂ છું. નિયુકત ફડચા અધિકારીએ તાત્કાલીક ચાર્જ સંભાળી સમય મર્યાદામાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

ભાવનગર, ૧૩ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

એ. ડી. દેસાઇ
જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ,
ભાવનગર.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૧૬૪/૧૧૧૬/૨૦૨૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બોટાદ, આથી જાહેર કરે છે કે, શ્રી બગડ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. બગડ, તા. રાણપુર, જિ. બોટાદની સને-૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

REG NO. : REG/BOT/SE(MILK)49264/2025

બોટાદ, ૦૮ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૧૦૪/૫૫૪/૨૦૨૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બોટાદ, આથી જાહેર કરે છે કે, શ્રી લાઠીદડ કોટન સેલ્સ જીનીંગ, પ્રેસીંગ એન્ડ પ્રોસેસીંગ સ.મં.લી. મુ. લાઠીદડ, તા. બોટાદ, જિ. બોટાદની સને-૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

REG NO. : CSBOTUPRO202500463

બોટાદ, ૦૫ માહે મે, સને ૨૦૨૫.

એ. ડી. દેસાઇ
જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ
બોટાદ.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2025.11.13 13:18:49 IST